
ગાંધીનગર સમાચાર


Regd. No. GNR/65-G


# ગુજરાત મોદીમય : વિક્રમી વિજયી

**રાજ્યની છવ્વીસે છવ્વીસ બેઠકો પર ભાજનો ભવ્યાતિભવ્ય વિજય : નરેન્દ્ર મોદીનો વડોદરાથી ૫,૭૦,૧૨૮ મતોથી ઐતિહાસિક વિજય : સુરતમાં દર્શના જરદોશ અને નવસારીથી સી.આર. પાટીલ પાંચ લાખથી વધુ મતોની સરસાઈથી વિજયી : અગિયાર બેઠકો પર બે લાખથી વધુ સરસાઈ : ગાંધીનગર બેઠક પર લાલકૃષ્ણ અડવાણી ૩,૩૦,૦૦૦ મતોની સરસાઈથી ઐતિહાસિક વિજય : યુ. પી.એ. સરકારના ત્રણેય મંત્રીઓનો કારમો પરાજય : દિનશા પટેલ, તુષાર ચૌધરી અને ભરતસિંહ સોલંકીની હાર : કોંગ્રેસના શંકરસિંહ વાઘેલા પણ હાર્યા**


પરેશ રાવલ - અમદાવાદ પૂર્વ


નારણભાઈ કાછડીયા-અમરેલી


દેવજીભાઈ ફતેપરા-સુરેન્દ્રનગર


લાલકૃષ્ણ અડવાણી- ગાંધીનગર


લીલાધર વાઘેલા-પાટણ


સી. આર. પાટીલ - નવસારી



પૂનમબેન માડમ-જામનગર


પ્રભુભાઈ વસાવા-બારડોલી


દેવુસિંહ ચૌહાણ-ખેડા


દર્શના જરદોશ - સુરત


જયશ્રીબેન પટેલ-મહેસાણા


મોહનભાઈ કુંડલીયા-રાજકોટ



જસવંતસિંહ ભાભોર-દાહોદ


રામસિંહ રાઠવા-છોટાઉદેપુર


દિપસિંહ રાઠોડ-સાબરકાંઠા


ડો. ભારતીબેન શિયાળ-ભાવનગર


વિઠ્ઠલ રાદડીયા-પોરબંદર


દિલીપ પટેલ-આણંદ


હરિભાઈ ચૌધરી-બનાસકાંઠા


વિનોદ ચાવડા-કચ્છ


ડો. કિરીટ સોલંકી-અમ.પશ્ચિમ


પ્રભાતસિંહ ચૌહાણ-પંચમહાલ


રાજેશ ચુડાસમા-જૂનાગઢ

## ‘વોટ અને વટ ગુજરાતનો’

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીના પ્રચાર અભિયાનમાં બે મહત્ત્વના સૂત્રોએ લોકોના દિલમાં ઘર કર્યું હતું. એક સૂત્ર ‘વોટ તમારો... વટ ગુજરાતનો’ અને બીજુ સૂત્ર હતું ‘વચન વડોદરાનું મત તો ભાજપને’ આ બે સૂત્રોએ રાજ્યના ચૂંટણી પરિણામ પર અનોખી છાપ છોડી છે તેમાં કોઈ બે મત નથી.


મનસુખ વસાવા-ભરૂચ


ડો. કે.સી. પટેલ-વલસાડ

## વિધાનસભાની સાત બેઠકોની પેટા ચૂંટણીમાં કોંગ્રેસની ૩ બેઠકો પર જીત

### કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા અને વિધાનસભા વિરોધપક્ષના પૂર્વ નેતા શક્તિસિંહ અબડાસાની બેઠકથી ચૂંટણી જીત્યા

અમદાવાદ, તા.૧૬

ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકો સાથે વિધાનસભાની સાત બેઠકોની પણ યોજાયેલી પેટાચૂંટણીમાં આજે જાહેર થયેલા પરીણામોમાં કોંગ્રેસને ચાર અને ભાજપનો ત્રણ બેઠકો પર વિજય થયો છે. વિજય થયેલા ઉમેદવારોમાં વિધાનસભા વિરોધપક્ષના ભૂતપૂર્વ નેતા અને કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા શક્તિસિંહ ગોહિલ કચ્છ અબડાસાની બેઠક પરથી ચૂંટણી જીત્યા છે. આ ઉપરાંત વિસાવદર અને સુરતની માંડવીની બેઠક પર કોંગ્રેસના ફાળે ગઈ છે. જ્યારે ભાજપનો રાપર, સોમનાથ, લાઠી-બાબરા અને હિંમતનગરની બેઠક પર વિજય થયો હતો.

ભારે રસાકસીભરી બની રહેલી વિધાનસભાની સાત બેઠકોની આ પેટાચૂંટણીમાં ભાજપ માટે સૌથી આચકારૂપ ઘટના એ હતી કે ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના પુત્ર ભરત પટેલ વિસાવદરની બેઠક ઉપર ભારે ગળા કાપ સ્પર્ધા વચ્ચે હારી ગયા હતા. જ્યારે અબડાસાની પ્રતિષ્ઠાભરી બેઠક પર કોંગ્રેસના દિગ્ગજ નેતા શક્તિસિંહ ગોહિલનો શાનદાર વિજય થયો હતો. રાપરની બેઠક પર ભાજપના પંકજ મહેતાએ કોંગ્રેસના બાબુ મેઘજી શાહને હરાવી વિજય મેળવ્યો હતો. લાઠી બાબરાની બેઠક ઉપર કોંગ્રેસમાંથી રાજીનામું આપી ભાજપમાં જોડાયેલા અને ભાજપની ટિકિટ પર ચૂંટણી લડેલા બાવકુ ઉંઘાડ

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યમાં વિજેતા ઉમેદવારોની સરસાઈમાં મુખ્યમંત્રી પ્રથમ ક્રમે

### ગાંધીનગરની સરસાઈ ચોથા ક્રમે

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વડોદરાની બેઠક પરથી આખા રાજ્યની વિક્રમી સરસાઈ પ્રાપ્ત કરી રાજકીય પક્ષના સેનાપતિની ભૂમિકા પણ અદા કરી છે.

વડોદરાની બેઠક પરથી તેમણે ૫,૭૦,૦૦૦ હજારની સરસાઈ મેળવી રાજ્યમાં વિજેતા ઉમેદવારોની સરસાઈમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. તો નવસારીની બેઠક પર ભાજપના શ્રી સી. આર. પાટીલે ૫,૫૮,૦૦૦ હજાર મતની સરસાઈ મેળવી દ્વિતીય ક્રમ મેળવ્યો છે.

ત્રીજો ક્રમ સુરતના શ્રીમતિ દર્શનાબેન જરદોસે ૫,૩૩,૦૦૦ હજારની સરસાઈ પ્રાપ્ત કરી છે.

ગાંધીનગરની બેઠક પર ચૂંટણી લડી રહેલા ભાજપના શ્રી લાલકૃષ્ણ અડવાણીએ ૪,૮૩,૦૦૦ મતની સરસાઈ મેળવી રાજ્યમાં વિજેતા ઉમેદવારોની સરસાઈમાં ચોથું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

ગુજરાતમાં આણંદ અને સાબરકાંઠા એ જ બેઠક એવી છે જ્યાં ભાજપના ઉમેદવારો એક લાખ કરતાં ઓછી સરસાઈથી વિજયી થયા છે.

લોકસભાની ચૂંટણીમાં ભાજપને મળેલા મતો થયેલા મતદાનના ૫૯.૧૦ ટકા જેટલા થવા જાય છે. જ્યારે કોંગ્રેસના મતોની ટકાવારી ૩૨.૯૦ ટકા જેટલી થવા જાય છે. અપક્ષ ઉમેદવારોને ૨.૧ ટકા મત પ્રાપ્ત થયા છે.

## કોંગ્રેસના સુપડા સાફ

### આઝાદી બાદ પ્રથમવાર કોઈ એક રાજકીય પક્ષને ૧૦૦ ટકા સફળતા મળી હોવાની પ્રથમ ઘટના : વાઘેલા સહિત કોંગ્રેસના દિગ્ગજ નેતાઓનો પરાજય

અમદાવાદ, તા.૧૬

લોકસભાની ગુજરાતની તમામ ૨૬ બેઠકોના આજે જાહેર થયેલા પરીણામોમાં ભાજપે તમામ ૨૬ બેઠકો પર અભૂતપૂર્વ અને ઐતિહાસિક વિજય પ્રાપ્ત કર્યો છે. ગુજરાતમાં ૩૦મી એપ્રિલના રોજ યોજાયેલી લોકસભાની સાતમાં ચરણની ચૂંટણીની આજે હાથ ધરાયેલી મતગણતરીમાં નરેન્દ્ર મોદીનું વાવાઝોડુ ફરી વળતા શરૂઆતથી જ ભાજપે મોટાભાગની તમામ બેઠકો પર સરસાઈ મેળવી હતી. અને તેમના પ્રતિસ્પર્ધી કોંગ્રેસના ઉમેદવારોને પાછળ રાખી તમામ બેઠકો પર વિજયકુચ જારી રાખી હતી. આ ચૂંટણીની સૌથી ઐતિહાસિક ઘટના એ છે કે કોંગ્રેસના અનેક ઉમેદવારોને એક લાખથી માંડી પોણા છ લાખ જેટલા જંગી મતોથી પરાજયનો સ્વાદ ચાખવો પડ્યો હતો. સમગ્ર દેશમાં ભાજપને મળેલા ઐતિહાસિક વિજયના પગલે ગુજરાતમાં પણ કોંગ્રેસને મરણતોલ ફટકો મારી નરેન્દ્ર મોદીની હોમ પીચ ઉપર ભાજપે ચારેતરફ ભગવો લહેરાવ્યો હતો. ભાજપના વિજયને વધાવવા દેશ સહિત ગુજરાતમાં પણ વિજયોત્સવ મનાવવામાં આવ્યો હતો જેમાં ભાજપના પ્રદેશ કાર્યાલય "મંગલમ્" અને ખાનપુર સ્થિતિ જૂના પ્રદેશ કાર્યાલય ખાતે કાર્યકરો તથા આગેવાનોનો અદમ્ય ઉત્સાહ જોવા મળતો હતો. જ્યાં આતશબાજીથી માંડી ઢોલ નગારાના તાલે તથા બેડવાજાના સંગીત અને ગગનભેદી સુત્રોચ્ચાર સાથે કાર્યકરો ઝુમી ઉઠ્યા હતા અને મિઠાઈઓ વહેંચી વિજય મનાવવામાં આવ્યો હતો. આજે સવારે ૮:૦૦ વાગ્યાથી ગુજરાતના તમામ જીલ્લા મથકોએ હાથ ધરાયેલી મતગણતરીના પ્રારંભિક તબક્કામાં કોંગ્રેસને ક્યાં સમ ખાવા પૂરતી બે-ચાર બેઠકો મળશે તેવી ગણતરી સેવાઈ રહી હતી પરંતુ જેમ-જેમ મતગણતરીની પ્રક્રિયા આગળ વધતી ગઈ તેમ-તેમ કોંગ્રેસના સુપડા સાફ થઈ ગયા હોવાનું સ્પષ્ટ ચિત્ર સર્જાતા ભાજપના કાર્યકરો જબરસ્ત ગેલમાં આવી ગયા હતા. અને મતગણતરી સ્થળેથી કોંગ્રેસના આગેવાનો તથા કાર્યકરો ક્રમશઃ નિરાશ થઈ રવાના થઈ ગયા હતા. તમામ મતગણતરી સ્થળોએ ભાજપના ઉમેદવારો જીતી રહ્યા હોવાનું ચિત્ર સ્પષ્ટ થતાં કાર્યકરોએ રેલી કાઢી અબીલગુલાલની છોળો વચ્ચે ઉમેદવારોને વધાવી લીધા હતા. ગુજરાત સહિત સમગ્ર દેશમાં ભાજપનો કેસરીયો લહેરાતા કેન્દ્રમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ-એનડીએની સરકાર બની રહી હોવાનો સ્પષ્ટ થઈ જતાં દેશ-વિદેશમાંથી નરેન્દ્ર મોદી ઉપર અભિનંદનની અવિરત વર્ષા શરૂ થઈ હતી. અનેક દેશોના વડાપ્રધાનો તથા રાષ્ટ્રપતિઓએ નરેન્દ્ર મોદીને તેમની ઐતિહાસિક જીત

● અનુસંધાન પાન-૭ પર










Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com